બિનનિવાસી ભારતીયો (એનઆરઆઈ)/ મૂળ ભારતીયો (પીઆઈઓ)ને
ઇન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડનું વિતરણ
એ પી (ડીઆઈઆર શ્રેણી) પરીપત્ર ક્રમાંક.59 (9 ડિસે., 2002)

**રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા**
**એક્સચેન્જ કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટ**
**સેન્ટ્રલ ઓફિસ**
**મુંબઈ 400 001**

એ પી (ડીઆઈઆર શ્રેણી) પરીપત્ર ક્રમાંક .59

9 ડિસેમ્બર, 2002

પ્રતિ
ફોરેન એકસચેન્જ દરેક માન્યતા પ્રાપ્ત ડિલર્સ

શ્રી / સુશ્રી,

**બિનનિવાસી ભારતીયો (એન આર આઈ)/ મૂળ ભારતીયો (પીઆઈઓ)ને**
**ઇન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડનું વિતરણ**

ઇન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડસ (આઈસીસી) ના ઉપયોગ સંબંધિત તા. જૂન 27, 2002 ના એ પી (ડીઆઈઆર શ્રેણી) સકર્યુલર ક્રમાંક .53 અને તેની અનુગામી આવૃતિ એ પી (ડીઆઈઆર શ્રેણી) સકર્યુલર ક્રમાંક 40 તા. નવેમ્બર 5, 2002 પર માન્યા પ્રાપ્ત ડિલર્સનું ધ્યાન દોરવામાં આવે છે.

2. હાલની સૂચના મુજબ એન આર આઈ /પી આઈ ઓ ના આઈસીસી ના ઉપયોગ સામેનો ચાર્જ ફકત તેમના નોન રેસિડેન્ટ (એકર્ટનલ) રૂપિઝ એકાઉન્ટ (એનઆરઇ) / ફોરેન કરન્સી (નોન રેસિડેન્ટ) એકાઉન્ટસ (બેન્કસ) (એફસીએનઆર) ની રકમમાંથી વસૂલવામાં આવતો. તેમાં કરેલા ફરેફાર મુજબ નિર્ણય લેવામાં આવ્યો છે કે ક્રેડિટ કાર્ડના ચાર્જની વસૂલાત કારડ્ ધરાકના નોન રેસિડેન્ડ (ઓર્ડિનરી) રૂપિ એકાઉન્ટસ એનઆરઓ માંથી પણ કરી શકાશે. માન્યતા પ્રાપ્ત ડિલર્સને, ભારતની બેંકો દ્વાર અપાયેલા ક્રેડિટ કાર્ડના ઉપયોગની મર્યાદા વધારવા માટે એન આર આઈ /પી આઈ ઓ ના એનઆરઓ ખાતામાંથી રકમ ઉધારવાની મંજૂરી આપવામાં આવે છે. આ કાર્યવાહી ઇન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડસનો ઉપયોગ નિવાસીઓ દ્વારા શરત મુજબ થતો હોય તે બાબતે છે.

3. માન્યતા પ્રાપ્ત ડિલર્સ આ બાબતો સંબંધિત લોકોને જણાવી દેવી.

4. ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ (ડિપોઝીટ) રેગ્યુલેશન, 2000 ના જરૂરી સુધારાઓ અલગથી દર્શાવાયા છે.

5. આ સકર્યુલરના સૂચનો ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એકટ, 1999 (1999 ના 42) કલમ 10(4) અને 11(1) હેઠળ સૂચવાયા છે.

આપનો વિશ્વાસુ,

ગ્રેસ કોશી
મૂખ્ય મહાપ્રબંધક